## શાહરૂખ, સલમાન, આમિરે લીડ રોલને લાયક ઉંમર નથી રહી તે સ્વીકારવું જોઇએ : ઇમરાન ખાન



મુંબઈ, તા. 8 _ અભિનેતા ઇમરાન ખાને બોલિવૂડના ટોચના સ્ટાર્સની કારકિર્દી પર વધતી ઉંમરની અસર વિશે પોતાના મંતવ્યો રજૂ કર્યા છે. ઇમરાને જણાવ્યું હતું કે, મોટામાં મોટા મુખ્ય કલાકારોએ પણ આખરે પ્રેક્ષકોની બદલાતી અપેક્ષાઓ મુજબ પોતાને ઢાળવા જોઈએ. શાહરૂખ ખાન, સલમાન ખાન અને આમિર ખાનના લાંબા સમયના વર્ચસ્વ પર વાત કરતાં ઇમરાને કહ્યું હતું કે, કલાકારો એક સમયે એક એવા તબક્કે પહોંચી જાય છે જ્યાં તેઓ પરંપરાગત ‘હીરો’નો રોલ કરી શકતા નથી અને તેમણે પોતાની ઉંમરને અનુરૂપ ભૂમિકાઓમાં પરિવર્તન કરવાની જરૂર હોય છે. ઇમરાને કહ્યું, ‘ ’તમે એક ચોક્કસ ઉંમર પછી લીડ રોલ કરી શકતા નથી.’’

## કૃતિકા કામરા ગૌરવ કપૂરની બીજી દુલ્હન બનશે, માર્ચમાં લગ્ન થઈ શકે છે



મુંબઈ, તા. 8 _ ‘કિતની મોહબ્બત હૈ’ ફેમ કૃતિકા કામરા ફાઇનલી લગ્ન કરવા જઈ રહી છે. તેણે ગૌરવ કપૂર સાથેના પોતાના સંબંધો વિશે ગયા વર્ષે જ જણાવ્યું હતું. તે પોતાના સંબંધને આગલા સ્તર પર લઈ જવા માટે તૈયાર છે અને કદાચ માર્ચ, 2026માં પતિ-પત્ની બની જશે. જોકે, હજી સુધી કપલ તરફથી આની પુષ્ટિ કરવામાં આવી નથી. સૂત્રોએ જણાવ્યું છે કે, કૃતિકા અને ગૌરવ સાથે ખુશ છે અને સારું જીવન વિતાવી રહ્યા છે. અને તેઓ હવે પોતાના સંબંધને નેક્સ્ટ લેવલ પર લઈ જવા માટે ઉત્સાહિત છે. તેઓ માર્ચના છેલ્લા દિવસોમાં અથવા એપ્રિલના પ્રથમ અઠવાડિયામાં લગ્ન કરવાનું પ્લાનિંગ કરી રહ્યા છે.

## ફેમિલી મેન, મેરી કોમના નેપાળી અભિનેતા સુનીલ થાપાનું 68 વર્ષની વયે નિધન



નવી દિલ્હી, તા. 8 (PTI) : હિટ સિરીઝ ‘ધ ફેમિલી મેન’ અને ‘મેરી કોમ’માં કામ કરી ચૂકેલા નેપાળના દિગ્ગજ અભિનેતા સુનીલ થાપાનું 68 વર્ષની વયે અવસાન થયું છે. થાપા શંખમૂલ સ્થિત તેમના એપાર્ટમેન્ટમાં બેભાન અવસ્થામાં મળી આવ્યા બાદ તેમને રાજધાની કાઠમંડુની થાપાથલીની નોર્વિક હોસ્પિટલમાં લઈ જવાયા હતા, જ્યાં સારવાર દરમિયાન તેમનું મૃત્યુ થયું હતું. ડોક્ટરો કાર્ડિયાક અરેસ્ટને કારણે તેમનું મૃત્યું થયું હોવાની શંકા સેવી રહ્યા છે. ‘મેરી કોમ’માં થાપા સાથે અભિનય કરનાર અભિનેત્રી પ્રિયંકા ચોપરાએ ઇન્સ્ટાગ્રામ પર અભિનેતા માટે શ્રદ્ધાંજલિ પોસ્ટ કરતાં જણાવ્યું હતું કે, થાપા એક માર્ગદર્શક હતા જેમણે તેમના જીવનના મુશ્કેલ સમયમાં તેમને સાથ આપ્યો હતો. અભિનેતા મનોજ બાજપેયીએ પણ સુનીલ થાપાના અવસાન પર ઊંડો શોક વ્યક્ત કર્યો હતો.

## ૮૦૦ નૃત્યકારોએ રજૂ કરી ભારતીય શાસ્ત્રીય અને લોકનૃત્યની શ્રેણી



વડા પ્રધાન નરેન્દ્ર મોદીની તાજેતરની મલેશિયા મુલાકાત દરમિયાન સેરી કેમ્બાંગન ખાતે યોજાયેલા એક સમારોહમાં 800થી વધુ નૃત્યકારોએ ભારતના શાસ્ત્રીય અને લોકનૃત્યની શ્રેણી રજૂ કરી હતી. જેને મલેશિયા બુક ઓફ રેકોર્ડ્સ તરફથી સત્તાવાર માન્યતા મળી હતી. ભારતીય સમુદાય સાંસ્કૃતિક સમિતિના બેનર હેઠળ લગભગ 800 નર્તકોએ પાંચ મિનિટના નૃત્ય નિર્દેશન કાર્યક્રમ માટે એક મંચ પર ભારતીય શાસ્ત્રીય અને લોકનૃત્ય પરંપરાઓની શ્રેણી રજૂ કરી હતી. પ્રધાનમંત્રી મોદીએ ડાયસ્પોરાને સંબોધન દરમિયાન કલાકારોને અભિનંદન આપતાં કહ્યું હતું કે આપણે હમણાં જ એક ઐતિહાસિક સાંસ્કૃતિક પ્રદર્શન જોયું છે. 800 થી વધુ નર્તકો સંપૂર્ણ સુમેળમાં સાથે નૃત્ય કરી રહ્યા છે. આ વર્ષો સુધી યાદ રહેશે. દરેક કલાકારને મારા અભિનંદન. મલેશિયા બુક ઓફ રેકોર્ડ્સના સીઈઓ ક્રિસ્ટોફર વોંગે આ સિદ્ધિ પાછળના પ્રયાસ અને સંકલનની પ્રશંસા કરતા કહ્યું હતું કે ભારતીય શાસ્ત્રીય નૃત્ય રજૂ કરવા માટે 800 નર્તકોને એકસાથે ભેગા કરવા અત્યંત પડકારજનક છે.

# જાપાનમાં વડાપ્રધાન તાકાઇચીનો પક્ષ જીતે તેવા સંકેતો

**એક્ઝિટ** પોલ્સના તારણો સૂચવે છે કે શાસક પક્ષ લિબરલ ડેમોક્રેટિક પાર્ટીના ગઠબંધનને સંસદીય ચૂંટણીમાં બે તૃતિયાંશ બહુમતિ મળશે



ટોક્યો, ૮ ફેબ્રુઆરી (AP): જાપાનના વડાપ્રધાન સાનાએ તાકાઈચીનું શાસક ગઠબંધન રવિવારે યોજાયેલી મહત્વપૂર્ણ સંસદીય ચૂંટણીમાં એક પક્ષીય બહુમતી મેળવે તે લગભગ નિશ્ચિત છે, તેમ NHK જાહેર ટેલિવિઝન અને અન્ય મુખ્ય નેટવર્ક્સના એક્ઝિટ પોલના પરિણામો જણાવે છે. NHK અનુસાર, તાકાઈચીની લિબરલ ડેમોક્રેટિક પાર્ટી (LDP)ના નેતૃત્વ હેઠળનું શાસક ગઠબંધન 465 બેઠકો ધરાવતા નીચલા ગૃહમાં બે-તૃતીયાંશથી વધુ બેઠકો જીતી શકે છે, જે દેશની દ્વિ-ગૃહી સંસદનું વધુ શક્તિશાળી ગૃહ છે. ચૂંટણી પહેલાની બેઠકોની સંખ્યામાં જોવા મળેલો આ મોટો ઉછાળો તાકાઈચીને તેમના દક્ષિણપંથી એજન્ડા પર આગળ વધવાની મંજૂરી આપી શકે છે, જેનો હેતુ ચીન સાથે વધતા તણાવ વચ્ચે જાપાનની અર્થવ્યવસ્થા અને સૈન્ય ક્ષમતાઓને મજબૂત કરવાનો અને વોશિંગ્ટન સાથેના સંબંધોને વિકસાવવાનો છે.

તાકાઈચીએ ગયા ઓક્ટોબર મહિનામાં જાપાનના પ્રથમ મહિલા નેતા તરીકે સત્તા સંભાળી હતી. તાકાઈચી અત્યંત લોકપ્રિય છે, પરંતુ લિબરલ ડેમોક્રેટિક પાર્ટી, જેણે છેલ્લા સાત દાયકાના મોટાભાગના સમય માટે જાપાન પર શાસન કર્યું છે, તે ભંડોળ અને ધાર્મિક કૌભાંડો સામે ઝઝૂમી રહી છે. તેમણે પોતાની લોકપ્રિયતા ઓછી થાય તે પહેલાં સ્થિતિ સુધારવાની આશા સાથે પદ સંભાળ્યાના માત્ર ત્રણ મહિનામાં જ આ મધ્યવર્તી ચૂંટણીની જાહેરાત કરી હતી. તેઓ એક જમણેરી એજન્ડા પર પ્રગતિ કરવા માંગે છે જેનો હેતુ ચીન સાથે વધતા તણાવ વચ્ચે જાપાનની અર્થવ્યવસ્થા અને સૈન્ય ક્ષમતાઓને વેગ આપવાનો છે. તેઓ તેમના મહત્વપૂર્ણ અમેરિકન સાથી અને ક્યારેક અણધાર્યા એવા પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સાથેના સંબંધોને પણ મજબૂત કરવા ઈચ્છે છે.

અત્યંત રૂઢિચુસ્ત તાકાઈચી, જેમણે ઓક્ટોબરમાં જાપાનના પ્રથમ મહિલા નેતા તરીકે કાર્યભાર સંભાળ્યો હતો, તેમણે કામ, કામ, કામ કરવાનું વચન આપ્યું હતું, અને તેમની શૈલી–જે રમતિયાળ અને કડક બંને રીતે જોવામાં આવે છે–તે યુવા ચાહકોમાં લોકપ્રિય થઈ છે. તાજેતરના સર્વેક્ષણો નીચલા ગૃહમાં LDP માટે પ્રચંડ વિજય સૂચવે છે.

# ભારત-મલેશિયાના મજબૂત સંબંધો માટે મોદીની હાકલ : ત્રાસવાદ અંગે બાંધછોડ નહીં

**બંને દેશો** વચ્ચે વિવિધ ક્ષેત્રોમાં સહકાર માટે ૧૧ કરારો, ત્રાસવાદ સામેની લડતમાં સહકાર માટે બંને દેશો સહમત

કુઆલાલમ્પુર, તા. 8(PTI): ભારત અને મલેશિયાએ રવિવારે વેપાર અને રોકાણ, સંરક્ષણ, ઊર્જા, એડવાન્સ મેન્યુફેક્ચરિંગ અને સેમિકન્ડક્ટર્સ જેવા ઉચ્ચ-પ્રાથમિકતા ધરાવતા ક્ષેત્રોમાં તેમના સંબંધોને વિસ્તારવાની પ્રતિજ્ઞા લીધી હતી, જેમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે બંને પક્ષો ઈન્ડો-પેસિફિકમાં શાંતિ અને સ્થિરતા માટે પ્રતિબદ્ધ છે.

મલેશિયાના વડાપ્રધાન અનવર ઈબ્રાહિમ સાથેની તેમની વ્યાપક મંત્રણા બાદ, મોદીએ આતંકવાદનો સામનો કરવા અંગે ભારતના વલણનો પુનરોચ્ચાર કરતા કહ્યું કેઃ આતંકવાદ પર અમારો સંદેશ સ્પષ્ટ છે; કોઈ બેવડા ધોરણો નહીં, કોઈ બાંધછોડ નહીં. બંને પક્ષોએ સેમિકન્ડક્ટર ક્ષેત્રમાં ઊંડા જોડાણ માટેના ફ્રેમવર્ક પેક્ટ સહિત વિવિધ મુખ્ય ક્ષેત્રોમાં સહકાર વધારવા માટે કુલ 11 કરારો અને દસ્તાવેજો પર હસ્તાક્ષર કર્યા હતા. શનિવારે કુઆલાલમ્પુર પહોંચેલા મોદી અને ઈબ્રાહિમ બંનેએ વેપાર પતાવટ માટે સ્થાનિક ચલણ – ભારતીય રૂપિયો અને મલેશિયન રિંગિટ – ના ઉપયોગને પ્રોત્સાહન આપવાના પ્રયાસોની પ્રશંસા કરી હતી. મોદીએ મલેશિયામાં ભારતીય કોન્સ્યુલેટ જનરલ સ્થાપવાના ભારતના નિર્ણયની પણ જાહેરાત કરી હતી.

વાટાઘાટોમાં, મલેશિયાએ સુધારેલી સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં ભારતની કાયમી સભ્યપદ માટે પોતાનું સમર્થન આપ્યું હતું. સુરક્ષા ક્ષેત્રે જોડાણ અંગે વિગતો આપતા મોદીએ કહ્યું હતું કે આતંકવાદ વિરોધી કામગીરી, ગુપ્ત માહિતીની આપ-લે અને દરિયાઈ સુરક્ષામાં સહયોગ મજબૂત કરવામાં આવશે, અને ઉમેર્યું હતું કે બંને પક્ષો સંરક્ષણ સંબંધોને વધુ વિસ્તૃત કરશે. સંયુક્ત નિવેદન અનુસાર, બંને વડાપ્રધાનોએ સીમાપાર આતંકવાદ સહિત તમામ પ્રકારના આતંકવાદની સ્પષ્ટ અને સખત નિંદા કરી હતી અને આતંકવાદ પ્રત્યે ઝીરો ટોલરન્સ રાખવાની હાકલ કરી હતી. બંને નેતાઓએ આતંકવાદનો વ્યાપક અને ટકાઉ રીતે સામનો કરવા માટે સંયુક્ત વૈશ્વિક પ્રયાસો કરવા હાકલ કરી હતી અને કટ્ટરવાદ અને હિંસક ઉગ્રવાદનો સામનો કરવા માટે કામ કરવા સંમતિ દર્શાવી હતી.



### મલેશિયાના અગ્રણી ઉદ્યોગપતિઓ સાથે મોદીની બેઠક

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે મલેશિયાના ચાર અગ્રણી ઉદ્યોગ સાહસિકો સાથે વાતચીત કરી હતી અને ભારતની વિકાસ ગાથામાં આ કંપનીઓએ દર્શાવેલા ઊંડા રસની પ્રશંસા કરી હતી. મોદીએ પેટ્રોનાસના પ્રેસિડેન્ટ અને ગ્રુપ CEO તેંગકુ તૌફીક, બરજાયા કોર્પોરેશન બરહાદના સ્થાપક વિન્સેન્ટ તાન ચી યીઉન, ખઝાના નેશનલ બરહાદના મેનેજિંગ ડિરેક્ટર અમીરુલ ફેસલ વાન ઝાહિર અને ફિસોન ઈલેક્ટ્રોનિક્સના સ્થાપક પુઆ ખેઈન સેંગ સાથે મુલાકાત કરી હતી.

# સુરક્ષા ચિંતાઓને કારણે પાકિસ્તાનમાં મસ્કની સ્ટારલિંકનો પ્રવેશ વિલંબમાં

**વિલંબ** માટે મસ્ક-ટ્રમ્પ વચ્ચેના ચાલુ વિવાદ અને ચીની કંપનીઓ સાથે સ્પર્ધા પણ જવાબદાર

ઈસ્લામાબાદ, તા. 8 (PTI) : પાકિસ્તાનના સેટેલાઇટ ઈન્ટરનેટ માર્કેટમાં પ્રવેશવા માટે સ્ટારલિંકનું લાઈસન્સ ડેટા સુરક્ષાની ચિંતાઓ, મસ્ક-ટ્રમ્પ વચ્ચેના ચાલુ વિવાદ અને ચીની કંપનીઓ સાથે સ્પર્ધાને કારણે વિલંબમાં પડ્યું છે. તેમ રવિવારે સ્થાનિક મીડિયાએ અહેવાલ આપ્યો હતો.

ટેક અબજોપતિ ઈલોન મસ્કની માલિકીની સ્ટારલિંક એ કેટલીક કંપનીઓમાંની એક છે જે પાકિસ્તાનમાં કાર્યરત થવા માટે મંજૂરી માંગી રહી છે, પરંતુ અધિકારીઓ કહે છે કે, વણઉકેલાયેલી સુરક્ષા અને ભૌગોલિક રાજકીય ચિંતાઓને કારણે મંજૂરીની પ્રક્રિયા ધીમી થઈ ગઈ છે.

સૂત્રોને ટાંકીને એક્સપ્રેસ ટ્રિબ્યુને અહેવાલ આપ્યો છે કે, સરકારને જાણવા મળ્યું છે કે સ્ટારલિંક પાકિસ્તાનના મોનિટરિંગ, નિયમનકારી અને સુરક્ષા તપાસને બાયપાસ કરીને ચોક્કસ ડેટા મોકલી શકે છે.

એક્સપ્રેસ ટ્રિબ્યુન દ્વારા એક વરિષ્ઠ સરકારી અધિકારીને ટાંકીને કહેવામાં આવ્યું હતું કે, ‘‘પાકિસ્તાનમાં ગ્રાહકોના ડેટાની સુરક્ષા સુનિશ્ચિત કર્યા વિના અમે સ્ટારલિંકને લાઈસન્સ આપી શકતા નથી.’’

અધિકારીઓના જણાવ્યા અનુસાર, યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને ઈલોન મસ્ક વચ્ચેનો વિવાદ એ બીજું કારણ છે કે પાકિસ્તાની એસ્ટાબ્લિશમેન્ટ સુરક્ષા મંજૂરી આપવા માટે તૈયાર નથી. કારણ કે, તેમને ડર છે કે તેનાથી ટ્રમ્પ નારાજ થઈ શકે છે. યુએસ પ્રમુખ અને મસ્ક ભૂતકાળમાં સારા સંબંધો ધરાવતા હતા પરંતુ પછીથી તેઓ અલગ થઈ ગયા હતા.



» ઓસ્ટ્રેલિયાના એડિલેડમાં કેન્સર ચેરિટી માટે ભંડોળ એકત્ર કરવા માટે યોજાયેલા એક કાર્યક્રમમાં મેરિલીન મનરો જેવો વેશ ધારણ કરીને મહિલાઓએ સ્વીમીંગ પુલમાં ઝંપલાવ્યું હતું. દર વર્ષે આ ચેરિટી કાર્યક્રમ પહેલા ઓસ્ટ્રેલિયામાં યોજાતો હતો અને હવે તે આયર્લેન્ડમાં પણ યોજાય છે. ઓસ્ટ્રેલિયન ઇવેન્ટે છેલ્લા દાયકામાં 1.3 મિલિયન ડોલરથી વધુ ભંડોળ એકત્ર કર્યું હતું.

# સમાન નાગરિક ધારો સર્વસંમતિથી ઘડાવો જોઇએ : મોહન ભાગવત

**સમાન** નાગરિક ધારાને કારણે સમાજમાં વિખવાદ નહીં થવો જોઇએ

**વીર** સાવરકરને ભારત રત્ન મળશે તો તેનાથી એવોર્ડની પ્રતિષ્ઠા વધશે : મોહન ભાગવત




મુંબઈ, ૮ ફેબ્રુઆરી (PTI): રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ(RSS)ના પ્રમુખ મોહન ભાગવતે રવિવારે જણાવ્યું હતું કે, સમાન નાગરિક સંહિતા (UCC) દરેકને વિશ્વાસમાં લઈને ઘડવી જોઈએ અને તેનાથી સમાજમાં વિભાજન ન થવું જોઈએ.

જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે શું ભાજપ સત્તામાં આવ્યા પછી RSS માટે અચ્છે દિન આવ્યા છે, ત્યારે ભાગવતે કહ્યું કે તેનાથી ઉલટું છે. તેમણે નોંધ્યું કે સંઘ અયોધ્યામાં રામ મંદિરના નિર્માણ માટે પ્રતિબદ્ધ રહ્યો હતો અને જે લોકોએ તેને ટેકો આપ્યો તેમને ફાયદો થયો. હિન્દુત્વ વિચારક વી. ડી. સાવરકર માટે લાંબા સમયથી ચાલી રહેલી ‘ભારત રત્ન’ની માંગ પર ભાગવતે કહ્યું કે જો તેમને આ એવોર્ડ આપવામાં આવશે તો એવોર્ડની પ્રતિષ્ઠા વધશે. તેઓ RSS ના શતાબ્દી વર્ષ નિમિત્તે આયોજિત એક કાર્યક્રમમાં સંવાદ દરમિયાન બોલી રહ્યા હતા. આ કાર્યક્રમમાં અભિનેત્રી રવીના ટંડન, વિકી કૌશલ, અનન્યા પાંડે, ફિલ્મ નિર્માતા કરણ જોહર, મધુર ભંડારકર, રમેશ તૌરાની અને સંગીતકાર પંડિત હૃદયનાથ મંગેશકર સહિત અનેક અગ્રણી હસ્તીઓ ઉપસ્થિત રહી હતી. ભાગવતે કહ્યું કે સમાન નાગરિક સંહિતા દરેકને વિશ્વાસમાં લઈને બનાવવી જોઈએ. તેનાથી વિભાજન ન થવું જોઈએ. ઉત્તરાખંડમાં ત્રણ લાખ સૂચનો લેવામાં આવ્યા હતા અને તમામ હિતધારકો સાથે વાતચીત કર્યા પછી જ કાયદો પસાર કરવામાં આવ્યો હતો, તેમ તેમણે જણાવ્યું હતું. અન્ય એક પ્રશ્નના જવાબમાં તેમણે કહ્યું કે અહીં કોઈ બહુમતી કે લઘુમતી (સમુદાય) નથી, આપણે બધા એક જ સમાજ છીએ. તેમણે મુસ્લિમ અને ખ્રિસ્તી સમુદાયો સાથે વિશ્વાસ, મિત્રતા અને સંવાદની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. તાજેતરના ભારત-અમેરિકા વેપાર કરાર પર ભાગવતે કહ્યું કે તેઓ તેની વિગતોમાં ગયા નથી. સોદાઓમાં લેવડદેવડ હોય છે. તે બંને પક્ષે ફાયદાકારક હોવું જોઈએ... આપણે એ સુનિશ્ચિત કરવું જોઈએ કે આપણને નુકસાન ન થાય, તેમ તેમણે જણાવ્યું હતું.

### ભાજપને કારણે આરએસએસ માટે નહીં, આરએસએસને કારણે ભાજપ માટે અચ્છે દિન આવ્યા છે

ભાજપ સત્તા પર આવતા RSS માટે અચ્છે દિન આવ્યા છે કે કેમ? તે પ્રશ્ન પર ભાગવતે ભારપૂર્વક કહ્યું કે, અમારા માટે અચ્છે દિન ભાજપને કારણે નથી આવ્યા... તે તેનાથી ઉલટું છે. અમે રામ મંદિર નિર્માણ માટે પ્રતિબદ્ધ રહ્યા. જે લોકોએ અમને ટેકો આપ્યો તેમને ફાયદો થયો. તેમણે વધુમાં કહ્યું કે RSS માટે અચ્છે દિન સ્વયંસેવકોની સખત મહેનત અને વૈચારિક નીતિઓ પ્રત્યેની પ્રતિબદ્ધતાને કારણે આવ્યા છે.

### સંઘ કહેશે તો હોદ્દો છોડી દઇશ

આરએસએસ પ્રમુખ મોહન ભાગવતે રવિવારે જણાવ્યું હતું કે, સંઘે તેમને વધતી ઉંમર છતાં કામ ચાલુ રાખવા જણાવ્યું છે. સાથે જ તેમણે ભારપૂર્વક કહ્યું હતું કે, જ્યારે પણ સંગઠન તેમને આદેશ આપશે ત્યારે તેઓ પદ પરથી ઉતરી જશે. તેમણે એમ પણ કહ્યું કે સંઘનું નેતૃત્વ કરનાર વ્યક્તિ હંમેશા હિન્દુ જ હશે, પછી ભલે તેની જ્ઞાતિ ગમે તે હોય; આ સર્વોચ્ચ પદ હંમેશા શ્રેષ્ઠ ઉપલબ્ધ ઉમેદવારને જ આપવામાં આવે છે. ભાગવતે જણાવ્યું હતું કે, RSS પ્રમુખના પદ માટે કોઇ ચૂંટણી હોતી નથી. પ્રાદેશિક અને વિભાગીય વડાઓ મુખ્ય હોદ્દેદારની નિમણૂક કરે છે. સામાન્ય રીતે એવું કહેવાય છે કે 75 વર્ષની ઉંમર પછી વ્યક્તિએ કોઈપણ પદ ધારણ કર્યા વિના કાર્ય કરવું જોઈએ.

## યુક્રેનિયન શહેર પર રશિયાના હવાઈ હુમલામાં 1 વ્યક્તિનું મોત

કિવ, તા. ૮ (AP): રવિવારે પૂર્વી યુક્રેનના રહેણાક વિસ્તારમાં રશિયન હવાઈ હુમલામાં એક વ્યક્તિનું મોત થયું હતું અને બે ઘાયલ થયા હતા. આ હુમલો યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોદિમિર ઝેલેન્સ્કીના એ નિવેદન બાદ થયો છે જેમાં તેમણે જણાવ્યું હતું કે, યુએસએ યુક્રેન અને રશિયાને શાંતિ કરાર કરવા માટે જૂન મહિનાની ડેડલાઈન આપી છે. એમ અધિકારીઓએ જણાવ્યું હતું. યુક્રેનની સ્ટેટ ઈમરજન્સી સર્વિસના જણાવ્યા અનુસાર, યુક્રેનના ડોનેત્સ્ક ક્ષેત્રના ક્રામાટોર્સ્ક શહેર પર થયેલા હુમલાને કારણે નવ માળના એપાર્ટમેન્ટ બ્લોકમાં આગ લાગી હતી. યુક્રેનની સરકારી માલિકીની ગેસ કંપની નાફ્ટોગાઝના ચીફ એક્ઝિક્યુટિવ સેર્ગી કોરેત્સ્કીએ જણાવ્યું હતું કે, રશિયાએ રવિવારે રાત્રે યુક્રેનના પોલ્ટાવા ક્ષેત્રમાં ઊર્જા માળખાગત સુવિધાઓ પર પણ હુમલો કર્યો હતો. રશિયાએ લગભગ ૪ વર્ષથી ચાલી રહેલા યુદ્ધ દરમિયાન ખાસ કરીને શિયાળામાં યુક્રેનના પાવર ગ્રીડને નિશાન બનાવ્યા છે. તેનો ઉદ્દેશ્ય યુક્રેનની પ્રતિકાર કરવાની ઈચ્છાશક્તિને નબળી પાડવાનો છે. ઝેલેન્સ્કીએ શુક્રવારે પત્રકારોને જણાવ્યું હતું કે, યુએસએ યુક્રેન અને રશિયાને યુદ્ધ સમાપ્ત કરવા માટે જૂન સુધીની સમયમર્યાદા આપી છે. જો જૂનની સમયમર્યાદા પૂરી નહીં થાય તો ટ્રમ્પ વહીવટીતંત્ર બંને પક્ષો પર દબાણ લાવે તેવી શક્યતા છે. ઝેલેન્સ્કીએ કહ્યું, ‘‘અમેરિકનો પ્રસ્તાવ મૂકી રહ્યા છે કે બન્ને પક્ષો આ ઉનાળાની શરૂઆત સુધીમાં યુદ્ધ સમાપ્ત કરી દે અને કદાચ આ સમયપત્રક મુજબ જ પક્ષો પર દબાણ લાવશે.